ગુજરાતમિત્ર
શો ટાઈમ
ગુરુવાર ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬



ફિલ્મોમાં પ્રકાશના જાદુગર વી.કે. મૂર્તિ! Pg.2

પ્રતિભા રંતાની પ્રતિભા કેટલી રંગ લાવશે? Pg.4

પાતળા દેખાવા દિશાએ પાંસળીઓ કઢાવી?!

દિશા કી રિબ્સ કા પતા-જી

સેલિબ્રિટીઓનું જીવન હંમેશા ચર્ચાનો વિષય બની રહ્યું છે. તેમની સુંદરતા, ફિટનેસ અને શરીરના આકારને લઈને અનેક અફવાઓ ફેલાય છે. એક એવી અફવા છે રીબ રિમૂવલ સર્જરીની, જેમાં કહેવાય છે કે કેટલીક સેલિબ્રિટીઓ તેમની કમરને વધુ પાતળી અને આકર્ષક બનાવવા માટે તેમની પાંસળીઓ (રીબ્સ) કઢાવી દે છે. આ સર્જરી વિશે બોલિવુડ અને હોલીવુડમાં અનેક વાર્તાઓ છે. આપણા શરીરમાં 12 જોડી પાંસળીઓ હોય છે. તેમાંથી 11મી અને 12મી પાંસળીઓને 'ફ્લોટિંગ રીબ્સ' કહેવાય છે કારણ કે તે સ્ટર્નમ (છાતીના હાડકા) સાથે જોડાયેલી નથી હોતી. રીબ રિમૂવલ સર્જરીમાં આ પાંસળીઓને કાઢી નાખવામાં આવે છે જેથી કમરનો ભાગ વધુ સાંકડો અને આકર્ષક લાગે. આને 'હોરગ્લાસ ફિગર' અથવા 'બાર્બી વેસ્ટ' કહેવાય છે. ટૂંકમાં પતલી કમરને વધારે પતલી કરવાની સર્જરી. આ સર્જરીનો હેતુ સુંદરતા વધારવાનો હોય છે, પરંતુ હકીકતમાં તે ખૂબ જોખમી છે. તેમાં લીવર, ફેફસાં અને કિડની જેવા નાજુક અંગોનું રક્ષણ ઓછું થઈ જાય છે. ડોક્ટર્સ કહે છે કે આ સર્જરી 5 કલાકની હોય છે અને તેની કિંમત 17,000 ડોલર (લગભગ 14 લાખ રૂપિયા) જેટલી હોઈ શકે છે. આ સર્જરી અમેરિકામાં કેટલાક કિસ્સાઓમાં કરવામાં આવે છે. આ સર્જરીની વાતો રાણી વિક્ટોરિયાના સમયથી ચાલી આવે છે. 1890માં ફ્રેન્ચ એક્ટ્રસ પોલેરે સર્જરીની મદદથી પાંસળી કઢાવી હતી. ત્યારથી આ સર્જરીનો ક્રેઝ અનેક સેલિબ્રિટીમાં જોવા મળ્યો છે. દિશા પટાની તેની ફિટનેસ અને સુંદરતા માટે જાણીતી છે. તે માર્શલ આર્ટ્સ પ્રેક્ટિસ કરે છે અને ડાન્સ પણ કરે છે. ઓગષ્ટ ૨૦૨૫માં વાયરલ થયેલા એક વીડિયોમાં તેની કમર ખૂબ પાતળી દેખાતી હતી જેથી સોશિયલ મીડિયા પર રૂમર્સ ચાલુ થયા હતા કે તેણે રીબ રિમૂવલ સર્જરી કરાવી છે અને હાલમાં આ વાત ફરી ચગી છે. રેડિટ અને ઈન્સ્ટાગ્રામ પર લોકો કહે છે કે તેની કમર 6-8 ઈંચ ઘટી છે અને તે 'બાર્બી વેસ્ટ' જેવી દેખાય છે. પરંતુ દિશાના ફેન્સ કહે છે કે આ વીડિયો ફોટોશોપ કરેલો છે અથવા એડિટેડ છે. તેની બહેન ખુશ્બુ પટાનીને પણ પૂછવામાં આવ્યું, પરંતુ કોઈ પુષ્ટિ નથી. એક ડોક્ટરે એવો દાવો કર્યો છે કે તેણે દિશાની સર્જરી કરી છે પણ આ દાવો કેટલો સાચો અને કેટલો ખોટો એ કોને ખબર? પરંતુ દિશાનું કહેવું છે કે તેનું શરીર ફિટનેસથી આવું છે. દિશા કેશ ડાયટ અથવા વર્કઆઉટ પર ધ્યાન આપે છે. જોકે સર્જરીની વાત પર તેણે કોઈ રિએક્શન આપ્યો નથી. તથા દાવો કરનાર ડોક્ટર વિશે પણ કંઈ બોલી નહોતી. દિશા ઉપરાંત, બોલિવૂડમાં અન્ય એક્ટ્રસ વિશે પણ આવી અફવાઓ છે, જેમાં મૌની રોય અને ભૂમિ પેડનેકર પણ સામેલ છે. ભૂમિના એક વીડિયોમાં તેની કમર ખૂબ પાતળી દેખાતી હતી, જેથી અફવા ફેલાઈ હતી. હોલીવુડ સેલિબ્રિટી ચેર (Cher) વિશે 1980માં કહેવાયું કે તેણે આઈકોનિક હોરગ્લાસ ફિગર માટે પાંસળીઓ કઢાવી છે. તેણે આ અફવાને નકારી અને 1990માં એક ડોક્ટરને તપાસ કરાવી કે તેની તમામ પાંસળીઓ છે.

ઉપરાંત મેરિલિન મનરો, જેન ફોન્ડા, રેક્વેલ વેલ્ચ, એલિઝાબેથ ટેલર અને કિમ કાર્ડાશિયન, મેરિલિન મેન્સન, ડોલી પાર્ટન, કાઈલી જેનર અને જેનેટ જેક્સન વિશે પણ આવી વાતો થઈ છે. કિમના એક વેડિંગમાં તેની કમર પાતળી દેખાતી હતી, જે તેની નોર્મલ કમરથી ખાસ્સી ઓછી હતી. જોકે, કેટલીક સેલિબ્રિટીઓએ ખરેખર આ સર્જરી કરાવી છે. સ્વીડિશ મોડલ પિક્સી ફોક્સે 2015માં 6 પાંસળીઓ કઢાવી જેથી તે જેસિકા રેબિટ જેવી દેખાય. તેણે આ સર્જરીમાં 120,000 ડોલર ખર્ચ કર્યા અને તેની કમર 14 ઈંચની થઈ હતી. તેણે કહ્યું કે આ તેનું સ્વપ્ન હતું અને તેને કાર્ટૂન કેરેક્ટર્સ જેવી કમર જોઈતી હતી. અમેરિકન મોડલ અમાન્ડા લેપોરે 2000માં મેક્સિકોમાં પાંસળીઓ તોડીને અંદર ધકેલી જેથી કમર પાતળી થાય. અમાન્ડા માને છે કે આ તેની ફેમિનિટી દર્શાવે છે. રોડ્રિગો અલ્વેસે 4 પાંસળીઓ કઢાવી જેથી તેના બ્લેઝર્સ ફિટ થાય. એમિલી જેમ્સ, એક ટ્રાન્સ ઈન્ફ્લુએન્સરે 2025માં 17,000 ડોલરમાં સર્જરી કરાવી. મેક્સિકન સિંગર થાલિયાએ જોકિંગલી તેની પાંસળીઓના જારનો ફોટો પોસ્ટ કર્યો હતો આ તમામ કિસ્સાઓમાં સર્જરી કરાવનારા સેલેબ્સ કહે છે કે તેઓને પસ્તાવો નથી, પરંતુ ડોક્ટર્સ આવા પગલાં લેવાની સખત મનાઈ કરે છે કારણ કે પાંસળીઓ હટાવવાથી ઘણા માલફંક્શન અને ડિસ્મોર્ફિક ડિસઓર્ડર થઈ શકે અને તેને કારણે જીવ જોખમમાં મુકાઈ શકે છે. પરિણામે આ સર્જરી ખૂબ જોખમી છે. આ ઉપરાંત સર્જરી પછી રિકવર થવા માટે 1 અઠવાડિયું હોસ્પિટલમાં રહેવું પડે છે અને કલાયમ માટે કમ્પ્રેશન ગાર્મેન્ટ પહેરવું પડે છે. આ બધી જહેમત કરતાં નેચરલ બ્યુટી સારી ન ગણાય? ●

ટોક ઓફ ધી ટાઉન

બોલિવ્લોગ વિથ પૅપ

હેલ્લો ગાઇઝ, વેલકમ બેક ટુ બોલિવ્લોગ વિથ પેપ. હાલની મેરેજ સીઝનમાં 'વિરોશ'ના લગ્નની તૈયારી જોરશોરમાં ચાલી રહી છે, જેના વીડિયોઝ તો તમે સોશ્યલ મીડિયા પર જોયા જ હશે. આ સિવાય પણ બોલિવૂડમાં ધૂમ-ધડાકા થઇ રહ્યા છે. ચાલો તો શરૂ કરીએ...



આર. માધવનને તમે શું માનો? બોલિવૂડનો રિસ્પેક્ટેબલ પર્સન રાઇટ? પરંતુ હાલમાં જે વીડિયોઝ વાયરલ થઇ રહ્યા છે તેને જોઇને તો ભાગ્યે જ કોઇને પોતાની આંખ કે એ વીડિયો પર વિશ્વાસ થશે. કાર્તિક આર્યનના 'પીડો' ખુલાસા પછી હવે માધવાન કોલેજીયન છોકરીઓ સાથે હેન્ગ-આઉટ કરી રહ્યા છે. અને ગેસ વ્હોટ? આ વીડિયોમાં શૂટ કરવાવાળી એ છોકરીઓ જ હતી. હવે સવાલ એ છે કે જો માધવન કોલેજ નીબ્બી સાથે મળીને રંગરેલિયા મનાવતો હોય અને તેની વાઇફને ચીટ કરી રહ્યો હોય તો આ વીડિયો અપલોડ કરવા ન જ દે, સાચું? પણ બની શકે કે તે પોતે નશામાં ચૂર હોય! હવે મોતીચૂર ઇમેજની ચકનાચૂર થશે એનું શું? ●

રણવીર સિંહની 'કાંતારા'વાળી મીમિક્રી તો યાદ છે ને? રણવીરે આ ભૂલ પછી તાત્કાલિક માફી તો માંગી પરંતુ સેન્ટીમેન્ટ હર્ટ થવાથી લોકો હજીય તેને માફ કરવા તૈયાર નથી. રણવીર પર કર્ણાટક હાઇકકોર્ટમાં આ બાબતે કેસ કરવામાં આવ્યો હતો કે તેણે સેન્ટીમેન્ટની મજાક ઉડાવી છે અને હવે કોર્ટે પણ એવું સંભળાવી દીધું છે કે, 'હશે તું રણવીર સિંહ, હશે હજારો લોકો પર તારો ઇન્ફ્લુઅન્સ. પણ રિલિજીયન સેન્ટીમેન્ટને હર્ટ કરવાનો તારો કોઇ અધિકાર નથી.' કોર્ટે તો ચોખ્ખી વોર્નિંગ આપી દીધી છે કે પોતાની ઓળખાણનો ઉપયોગ અહીંયા ન કરતો. ●

લાગે છે કે શ્રેયા ઘોષાલ પણ અરિજીતને પગલે ચાલવા લાગી છે. શ્રેયાની કારકિર્દી પર હવે નવી મેનેજમેન્ટ ટીમે કાબૂ મેળવી લીધો છે. જેને પગલે 'ઇન્ડિયન આઇડલ'ના શોમાં જવાનું કેન્સલ કર્યું છે. શ્રેયાની ટીમ હવે મિક્સ ઓનરશીપ ધરાવતા શોમાં જવાનું ઓછું કરી દીધું છે અને ઇન્ડિપેન્ડેન્ટ બનીને કામ કરી રહ્યા છે. તેઓ સ્ટેડિયમમાં ઓટો-ટ્યુન દ્વારા અવાજ 'ફિક્સ' કરાવવા કરતાં શો કેન્સલ કરવાનું પસંદ કરે છે. શ્રેયાના સાઉન્ડ એંજીનિયર જેની સાથે તે ૨૦૧૦થી કામ કરી રહી છે તેણે પણ ઇન્ડિપેન્ડેન્ટલી કામ શોધવાનું ચાલુ કરી દીધું છે અને આગળની ડેટ બુક કરવાનું બંધ કર્યું છે. હવે શ્રેયાનો મુખ્ય હેતુ પોતાની 'પ્યોર લાઈવ સિંગર' તરીકેની ઇમેજ બચાવવાનો છે. ●

થોડા સમય પહેલા આવેલી ફિલ્મ 'નિશાંચી' જે તેના ધારરેલા નિશાનથી ચૂકી ગઇ હતી તેના ડિરેક્ટર અનુરાગ કશ્યપ પોતાની ફિલ્મને ઓસ્કાર વિનર ફિલ્મ'સિનર્સ' કરતાં પણ મહાન કહી રહ્યા છે. અનુરાગના કહેવા પ્રમાણે, 'તેમણે ફિલ્મમાં ડબલ રોલની ઓથેન્ટીસીટી જાણવવા માટે ૬૯ દિવસનો ગેપ લઇ VFX સાથે શૂટિંગ કર્યુ હતુ જેથી કેરેક્ટરને અંદરથી ફિલ થાય કે બંને અલગ પર્સન છે. તથા ફિલ્મમાં હિરોએ નેચરલી વજન ઉતાર્યું છે અને તેના રિયલ વાળ, દાઢી છે.' ડિયર અનુરાગ સર, તમે શૂટિંગ માટે ચંદ્ર પર જાવો, કરોડોનો ખર્ચો કરો પણ ફિલ્મની સ્ટોરીલાઇનમાં જ દમ ના હોય તો બધું નકામું છે. ઓસ્કાર આપતી વખતે ઓવરોલ જોવાઇ છે, કોઇ એક પાર્ટ નહીં!●